ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા કેશ કાઉન્ટરનો સમય બદલાતાં ગ્રાહકોમાં રોષ

હિંમતનગર, તા. ૮

હિંમતનગર સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં વીજ કંપની દ્વારા વીજ વપરાશના નાણાં ભરવા કેશ કાઉન્ટરોના સમયમાં ફેરફાર કરાતા ગ્રાહકોને ધક્કા ખાવાનો વારો આવ્યો છે. ઉ.ગુ. વીજ કંપની તરફથી દરેક સબ ડિવિઝનમાં અગાઉની જેમ સવારે ૯.૦૦ કલાકથી તેમજ બીજા અને ચોથા શનિવારે કેશ કાઉન્ટર ચાલુ રાખવામાં આવે તેવી માગણી વીજ ગ્રાહકો તરફથી ઉઠી છે.

આ અંગેની વિગત એવી છે કે ઉત્તર ગુજરાત વીજ કંપનીએ સબ ડિવિઝનમાં કેશ કાઉન્ટર સવારે ૯.૦૦ કલાકે ચાલુ રાખવાનો નિર્ણય કર્યો હતો. ઉપરાંત દર બીજા અને ચોથા શનિવારે પણ વીજ બિલના નાણાં સ્વીકારવામાં આવતા હતા. આ વધારાના સમયની કામગીરી માટે વીજ કંપની દ્વારા ફરજ પરના કર્મીઓને ઇન્સેન્ટીવ આપવામાં આવતું હતું. પરંતુ તા. ૧-૪-૨૦૧૨ થી તંત્ર દ્વારા ઇન્સેન્ટીવ બંધ કરવામાં આવતા કર્મચારીઓએ પણ નક્કી કરેલા સમય ૧૭.૩૦ કલાકથી કેશ કાઉન્ટરની કામગીરી શરૂ કરી દીધી હતી. પરંતુ આ સમય બદલવાની વાતથી અજાણ ગ્રાહકોને ધક્કા ખાવાનો વારો આવ્યો છે. અથવા કલાકો સુધી ગ્રાહકોને લાઈનમાં રહેવું પડે છે.

આ અંગે હિંમતનગર, પ્રાંતિજ, ઈડર અને મોડાસા સહિતના તાલુકાના વીજ ગ્રાહકોએ જણાવ્યું હતું કે કંપનીકરણમાં ગ્રાહકોને સારી સેવાને પ્રાધાન્ય આપવાની ગુલબાંગો તંત્ર દ્વારા પોકારવામાં આવે છે. બીજી બાજુ કંપનીના નિર્ણયોને કારણે ગ્રાહકોને મુશ્કેલી અને આ સુવિધાનો સામનો કરવો પડે છે.

આ પ્રશ્ન સમગ્ર ઉત્તર ગુજરાતમાં હાલ પ્રવર્તી રહ્યો છે અને લાખો વીજ ગ્રાહકો બદલાયેલા સમયથી પરેશાન છે.જેથી ગ્રાહકોના હિતમાં અગાઉની જેમ સવારે ૯.૦૦ કલાકથી કેશ કાઉન્ટર સરૂ કરવામાં આવે તેમજ બીજા અને ચોથા શનિવારે પણ બિલિંગની કામગીરી ચાલુ રહે તેવી માંગ ગ્રાહકો તરફથી પ્રવર્તી રહી છે.

દરજી સમાજનું ગૌરવ

પાલનપુર, તા. ૮

પાલનપુર તાલુકાના મડાણા ગઢ ખાતે આવેલ નીતાબેન કુમારભાઈ ઝવેરી ઈંગ્લિશ મીડીયમ સ્કૂલમાં ધોરણ-૨માં અભ્યાસ કરતા ચિ. તુષાર સુરેશકુમાર દરજીએ વાર્ષિક પરીક્ષામાં ૯૭.૦૯ ટકા ગુણ મેળવી પ્રથમ ક્રમાંક હાંસલ કર્યો છે અને શાળા, સમાજ તથા મડાણા ગઢનું નામ રોશન કર્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ચિ. તુષાર દરજી પાલનપુરના ધારાસભ્ય ગોવિંદભાઈ પ્રજાપતિના પી.એ. સુરેશકુમાર દરજીનો સુપુત્ર છે. દરજી સમાજનું ગૌરવ વધારવા બદલ સમાજના આગેવાનોએ તુષારને શુભેચ્છાઓ પાઠવી છે.

'ગાંધીનગર સમાચાર' દ્વારા આયોજીત

ગુજરાત ઓપન ડે-નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનો બાયડ ખાતે શુભારંભ

બાયડ, તા. ૮

બાયડ ખાતે ૨૦૧૦માં સફળ આયોજન બાદ ફરી એકવાર બાયડ પોલીસ સ્ટેશન ગ્રાઉન્ડ ખાતે 'ગાંધીનગર સમાચાર' આયોજીત ગુજરાત ઓપન ડે નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટનું તા. ૪ના રોજ શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ ટૂર્નામેન્ટ સફેદ ફલડ લાઈટ નીચે ટેનીસ બોલથી રમાડવામાં આવશે. આ ટૂર્નામેન્ટમાં ભાગ લેવા માટે એન્ટ્રી ફી રૂ. ૨૫૦૦/- રાખવામાં આવેલ છે. જયારે ફાઈનલ વિજેતા ટીમને રૂ. ૩૧૦૦૦/- રોકડા તથા ટ્રોફી આપવામાં આવશે. જયારે રનર્સ અપ ટીમને રૂ. ૧૧૦૦૦/- રોકડા તથા ટ્રોફી એનાયત કરવામાં આવશે. આ ટૂર્નામેન્ટમાં આશરે ૧૨૦ ટીમો ભાગ લઇ રહી છે. જયારે ૨૦૧૦માં આ ટૂર્નામેન્ટમાં કુલ ૧૩૦ ટીમોએ ભાગ લીધો હતો. ગત વર્ષે ટૂર્નામેન્ટમાં ગુજરાતના ટોપ ખેલાડીઓ રમવા આવ્યા હતા. જયારે આ ટુર્નામેન્ટમાં ક્રિકેટના તમામ નિયમોનું પાલન કરવામાં આવી રહયુ છે. આ ટુર્નામેન્ટમાં 'ગાંધીનગર સમાચાર' દ્વારા આયોજન કરવામાં આવ્યુ છે. આ ટુર્નામેન્ટને સફળ બનાવવા આયોજક તેમજ ગાંધીનગર સમાચારના સમીર બલોચ, હેમંત પટેલ, ઉમંગ પટેલ , જીગર પટેલ તેમજ યશ ચૌધરી દ્વારા તનતોડ મહેનત કરવામાં આવી રહી છે.



કાંકરેજ તાલુકાના મુખ્ય મથક ગણાતા શિહોરીમાં ફોરેસ્ટના ઉચ્ચ અધિકારીની કચેરી આવેલી છે. જ્યાં સામાજિક વનીકરણ શિહોરીમાં કોઈ નર્સરીની વાત તો છોડી દો પરંતુ ગાંડા બાવળોથી ઢંકાયેલ આ રેન્જ ફોરેસ્ટ ઓફિસરની કચેરીમાં ફક્ત કાગળ પર જ નર્સરી અને પાણી બતાવવામાં આવતું હશે એવું લોકો વિચારી રહ્યા છે. ૨૦ થી ૨૫ વર્ષ પહેલાં જ્યાં નર્સરી આગળથી પસાર થાય તો ત્યાં પાણીની સગવડ મળી રહેતી તેમજ નર્સરીના વૃક્ષો નીચે રાહદારીઓ બેસીને વિસામો પણ લેતા. અત્યારે ખૂદ ફોરેસ્ટર પણ કચેરીમાં બેસતા હશે કે કેમ અને બેસે તો ય પાણીની સુવિધા પણ નથી તો ફોરેસ્ટના ઉચ્ચ અધિકારીઓએ શિહોરી રેન્જ ફોરેસ્ટ ઓફિસની મુલાકાત લઇ આ ખંડેરમાં ફેરવાયેલ ઓફિસને નવું જીવતદાન આપી પુનઃ શરૂ થાય અને ખેડૂતો - રાહદારીઓને ફાયદો થાય તે હેતુથી કચેરી અને નર્સરીની મરામત કરાવી લોકો માટે ખુલ્લી મૂકે તેવો જનમત છે. (તસવીર : હેમુભા વાઘેલા, શિહોરી)

સાબરકાંઠા જિલ્લામાં બે જગ્યાએ વિદેશી દારૂનો જથ્થો પકડાયો

હિંમતનગર, તા. ૮

સાબરકાંઠા જિલ્લામાં ગત રોજ મોડી રાત્રે ખેડબ્રહ્માના વાઘેશ્વરી નજીક રહેણાંક મકાનમાંથી ૨૫ હજારનો વિદેશી દારૂ અને ઈડર તાલુકાના લાલપુર ગામ નજીકથી મારૂતિ કારમાંથી સવા લાખનો દારૂનો જથ્થો પકડાયો હતો. પોલીસે આ બન્ને જગ્યાએથી પકડાયેલા દારૂનો જથ્થો કબજે કરી પોલીસમથકે ફરિયાદ નોંધી છે.

મળતી માહિતી અનુસાર જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે ગત સોમવારની મોડી સાંજે ઈડર તાલુકાના લાલપુર નજીક બાતમીના આધારે નાકાબંધી કરી હતી. । દરમિયાન એક મારૂતિ કારનો ચાલક તેની કાર નં. જીજે-૧૮-એએ-૯૫૨૨ મુકી ક્યાંક નાસી છૂટ્યો હતો જેમાં તપાસ કરતા પોલીસને વિદેશી દારૂની ૫૨૯ બોટલ કિંમત રૂ. ૧,૧૮,૩૦૦નો મુદ્દામાલ મળી આવ્યો હતો. પોલીસે કારની કિંમત ૨.૫૦ લાખ ગણી કુલ ૩,૬૮,૩૦૦નો મુદ્દામાલ કબજે લઈ ઈડર પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી. જ્યારે ખેડબ્રહ્મા તાલુકાના વાઘેશ્વરી ગામે પી.એસ.આઈ. જી.આર. વાઘેલાએ સ્ટાફના માણસો સાથે કસનાભાઈ પુનાભાઈ પરમારના રહેણાંકના મકાનમાં બાતમીના આધારે રેડ કરી વિદેશી દારૂ, બીયર અને દેશી શરાબ મદિરાની કુલ બોટલ ૧૦૭ નંગ કિં.રૂ.૧૯૩૫૦ ની સાથે દેશી દારૂ ૨૦૦ લીટર કિં. રૂ. ૪૦૦૦ અને વોશ ૨૦૦ લીટર કિં. રૂ. ૨૦૦૦ મળી કુલ ૨૫ હજાર ૩૫૦નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી આરંભી હતી. જ્યારે બુટલેગર કસનાભાઈ પુનાભાઈ પરમાર પોલીસને જોઈ નાસી ગયો હતો.

ડીસાના વિજયભાઈ બારોટ છેલ્લા ઘણા સમયથી ગુજરાત સમાચારના પત્રકાર તરીકે ફરજ બજાવે છે.તેઓ તેમના કુટુંબી જનો યુ.એસ.એ રહેતા હોવાથી તેમને આ પ્રવાસ સુખદાયી ફળદાયી નીવડે તેવી શુભેચ્છા સાથે ડીસાના પ્રેસ ક્લબ વતી દેવતભાઈ બારોટ, કાન્તિલાલ લોધા, ધનેશભાઈ પરમાર, ભરતભાઈ સુંદેશા, સુરેશભાઈ ત્રીવેદી, આનંદભાઈ ઠક્કર, અશ્વિન મહેસુરીયા, દશરથભાઈ પંડ્યા હાજર રહી તેમનું સન્માન કરેલ અને શુભેચ્છા પાઠવેલ.

હિંમતનગર વિજાપુર રોડ ઉપર ટ્રેકટર ચાલકને ટોળાએ માર મારતાં ભારે ધિંગાણું સર્જાયું

હિંમતનગર, તા.૮

હિંમતનગર વિજાપુર રોડના પાણપુર પાટીયા પાસે સવારે અગિયારેક વાગ્યાના સુમારે એક ટ્રેકટર ચાલકને સ્થાનિક તત્વોએ ગાળો બોલી ફેંટ પકડી માર મારતા રૂરલ પોલીસે ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. ન્યુસન્સ પોઈન્ટ તરીકે ઉભરી રહેલ આ વિસ્તારમાં ટ્રેકટર ચાલકને માર મારવા લુખ્ખા તત્વોનું ૨૦ જણાનું ટોળું દોડી આવ્યું જેને પગલે અહીંયા વાતાવરણ તંગ બનવા પામ્યું હતું.

હિંમતનગર વિજાપુર રોડ ઉપર સવગઢ એપ્રોચ રોડ આસપાસનો વિસ્તાર છેલ્લા કેટલાક સમયથી ન્યુસન્સ પોઈન્ટ તરીકે ઉભરી રહ્યું છે અને છાશવારે સ્થાનિક લુખ્ખા સહિત શહેરી વિસ્તારમાંથી અસામાજીક પ્રવૃત્તિઓનું કાર્યક્ષેત્ર વિસ્તારી રહેલ ઈસમો દ્વારા રસ્તે આવતા જતા લોકોની રંજાડની માત્રા વધી ગઈ છે. આજે સવારે અગિયારેક વાગ્યાના સુમારે એક ટ્રેકટર ચાલકની સામે આવી ગયેલા બાઈક ચાલકે જાણે કે પોલીસને પડકાર ફેંકી રહ્યો હોય તેમ ખુલ્લેઆમ ટ્રેકટર ચાલકને નીચે ઉતારી ફેંટ પકડી ગાળાગાળી શરૂ કરી હતી. આસપાસમાં રહેલ અન્ય તત્ત્વો પણ લાકડીઓ વગેરે લઈને ધસી આવ્યા હતા અને વીસેક વ્યકિતઓના ટોળાએ ડ્રાઈવર સહિત સાથે રહેલ ઈસમોને પણ ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી.

આ વાત વાયુ વેગે પ્રસરી જતાં વાતાવરણ તંગ બની ગયું હતું. શહેર નજીક માળીના છાપરીયા ખાતે રહેતા અર્જુનભાઈ હીરાભાઈ વણઝારાએ હિંમતનગર રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ઈરફાન શેખ, સલમાન શેખ, ઈમરાન ઉર્ફે કટેલી શેખ (તમામ રહે. ઝરહીરાબાદ), સિકંદર ફકીરમોહમંદ, અજીત ભંગારીનો છોકરો સહિત ૨૦ જણાના ટોળા વિરૂદ્ધ ગુન્હો દાખલ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હોવાનું પી.એસ.ઓ.એ. જણાવ્યું હતું. છેલ્લે મળતી માહિતી અનુસાર આ ફરીયાદ અનુસંધાને કોસ ફરીયાદ કરવાની ગતિવિધિ પણ તેજ કરવામાં આવી છે.

જે જગ્યાએ બનાવ બન્યો છે તે ન્યુસન્સ પોઈન્ટ તરીકે ઉભરી રહ્યો છે. અહીં અસામાજિક તત્વોએ ભારે અવરજવર વાળા વિસ્તારમાં દબાણો કરી અડીંગો જમાવ્યો છે. જેને કારણે અહીં કાયમી એસ.આર.પી. પોઈન્ટ મુકવામાં આવે તેવી માંગ પણ ઉભી થવા પામી છે.

હિંમતનગરમાં દાઝી ગયેલી યુવતીનું મોત

હિંમતનગર, તા.૮

હિંમતનગર શહેરના હડીયોલ પુલ છાપરિયામાં રહેતી ૧૫ વર્ષીય યુવતી અમરીનબાનું મકબુલશા ફકીર પોતાના ઘરે ૫ મે ના રોજ ઘરે જમવાનું બનાવી રહી હતી ત્યાર બાદ પ્રાયમસ બંધ કરવા ફૂંક મારતા મોટો ભડકો થયો હતો જેના કારણે અમરીનબાનું શરીરે ગંભીર રીતે દાઝી ગયેલ જેને સારવાર માટે હિંમતનગર સિવિલમાં દાખલ કરેલ જેનું મંગળવારના રોજ સવારે ૮.૩૦ વાગે સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ અંગે સિવિલના ડોકટર મેહુલ પાંડોર એ હિંમતનગર ટાઉન પોલીસ મથકે જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પાલનપુર-અમદાવાદ હાઈ-વે ઉપર જગાણા ગામ નજીક આજે વણાંકમાં બપોરના સુમારે એક જીપ અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા જીપમાં સવાર બે જણાને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેમાં કાર અમદાવાદ તરફ જતી હતી અને જીપ અમદાવાદ તરફથી આવતી હતી. આ અકસ્માતમાં ઈજા પામેલા ચિરાગ ધનરાજ પટેલ, તથા લાલજી મંગાભાઈ પટણીને ઈજાઓ થતા તેઓને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જે અંગે પાલનપુર તાલુકા પોલીસે તપાસ આદરી છે. (તસવીર : હરેશ જોષી,પાલનપુર)

લગ્ન પ્રસંગે બેન્ડ વગાડતાં દલિત જાનૈયાઓ પર હુમલો

તાજપુર કેમ્પ, તા.૮

સાબરકાંઠા જિલ્લાના તાજપુર કેમ્પ ગામે લગ્ન પ્રસંગે દલીતો વરકન્યા અને જાનૈયા સાથે બેન્ડ વગાડતા ગાના કેટલાક તત્વોએ જાતિય ટિપ્પણી કરી હુમલો કર્યો હોવાની ઘટનાને પૂર્વ ધારાસભ્ય અંબાલાલ ઉપાધ્યાયે સખત શબ્દોમાં વખોડી કાઢી ગુન્હેગારો સામે સખ્તાઈથી પગલા લેવા માંગણી અને રજૂઆતો પોલીસને કરી છે.

મળતી માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાના તાજપુર કેમ્પ ગામે લગ્ન પ્રસંગે દલીતો વર-કન્યા અને જાનૈયા સાથે બેન્ડ વગાડતા ગામમાંથી પસાર થતા હતા ત્યારે ગામના કેટલાક તત્વોએ અભદ્ર 'જાતિય ટિપ્પણીઓ કરી' બેન્ડ કેમ વગાડો છો ? કહી ટોળાએ હુમલો કર્યો હતો. આથી દલીત જાનૈયાઓમાં નાસભાગ મચી જવા પામી હતી. આ અંગે દલીતોએ તલોદ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. જયારે સામે પક્ષે દલીતો વિરુધ્ધ બોગસ ફરિયાદ નોંધી પોલીસે બે બાજુ કાર્યવાહી હાથ ધરી છે. આઝાદીના પાંસઠ વર્ષ પછી પણ દલીતો ગામમાં બેન્ડ વગાડે તો સામુહિક હુમલો થાય તે ઘૃણાસ્પદ અને કૃત્ય કલંક રૂપ છે.

પોલીસે બોગસ ફરિયાદ નોંધી દલીતોને ભીડાવવા ગેર વ્યાજબી પગલા ન લેવા જોઈએ. ભેંસ ભડકીની ઉપજાઉ વાતોમાં પોલીસે દલીતો પર બોગસ ફરિયાદ નોંધી હેરાન ન કરવા જોઈએ તેમજ દલીતોને પોલીસે રક્ષણ આપવા પૂર્વ ધારાસભ્ય અંબાલાલ ઉપાધ્યાયે સખત શબ્દોમાં આ ઘટનાને વખોડી કાઢી હતી અને ગુન્હેગારો સામે સખ્તાઈથી પગલા લેવા અને ગુનેગારને સજા અપાવવા પોલીસ અને તંત્ર સમક્ષ રજૂઆતો કરી છે.

જાહેર નિવિદા નં. ૧ સને ૨૦૧૨-૧૩

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરી માર્ગ પેટા વિભાગ, બ્લોક નં. એ, પાટનગર યોજના ભવન બીજા માળે, સેક્ટર-૧૬, ગાંધીનગર (ફોન : ૨૩૨૨૩૮૫૯)ની કચેરી તરફથી રજીસ્ટર્ડ કોન્ટ્રાક્ટરો તેમજ સેલટેક્ષ નંબર ધરાવતા ઈજારદારશ્રીઓ પાસેથી નીચે જણાવેલ કામ માટે સીલબંધ ટેન્ડરો રજીસ્ટર પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટ એ.ડી.થી માંગવામાં આવે છે.

અનું.	કામનું નામ	અંદાજિત કામની રકમ	બાનાની રકમ	ટેન્ડરની ફી	રજીસ્ટ્રેશનની કક્ષા (શ્રેણી)	ટેન્ડરો ઈસ્યુ કરવાની તારીખ ટેન્ડરો સ્વીકારવાની છેલ્લી તારીખ
૧.	૩૦૫૪(R&B) M&R ટુ એન.એચ.૧૪૭ ચિલોડા ગાંધીનગર-સરખેજ રોડ સેકશન કિ.મી. ૧૧/૦થી ૨૨/૦ પ્રોવાઈડીંગ અને ફીકસીંગ આઈ-સેકશન ગર્ડર ઈન ૫ એન્ટ્રી ઓફ અડાલજ	૧૯૭૫૧૨	૨૦૦૦	૧૦૦ ઉપરની	ઈ-૨ અને શ્રેણી	૧૪-૫-૨૦૧૨ ૨૧-૫-૨૦૧૨
૨.	૩૦૫૪ (R&B) એન.એચ. ૧૪૭ ચિલોડા-ગાંધીનગર સરખેજ રોડ સેકશન કિ.મી. ૦/૦ થી ૪૪/૪૨ પ્રોવાઈડીંગ અને ફીકસીંગ 'ઉ' ટાઈપ કેસ બેરીયરના કામના ભાવ	૧૮૩૨૧૧	૨૦૦૦	૧૦૦	ઈ-૨ અને ઉપર શ્રેણી	૧૪-૫-૨૦૧૨ ૨૧-૫-૨૦૧૨

આ કામની વિગતવાર નોટીસ ગુજરાત રાજયના માહિતી વિભાગની વેબ સાઈટ **www.statetenders.com** પર મુકવામાં આવેલ છે. આ કામ અંગેની વધુ માહિતી કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીમાં રૂબરૂ મુલાકાત સાધવાથી મળી શકશે.

માહિતી૨૫૭/૨૦૧૨-૧૩

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES | APOLLO TYRES

ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ
- વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
- સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
- વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
- જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન